વાંકલ-ઈશનપુર રોડ પર ગેબિયન વોલનું કામ પૂર્ણ

■ વાંકલ: માંગરોળના વાંકલ-ઈશનપુર-વડ-ઉભારિયા રોડ પર ચોમાસામાં માર્ગનું ધોવાણ અટકાવવા માર્ગ અને મકાન વિભાગ દ્વારા 'ગેબિયન વોલ' અને સાઇડ પ્રોટેક્શનનું કામ પૂર્ણ કરાયું છે. રોડના ખભા મજબૂત કરી સમતળ કરાતાં વરસાદી પાણી સામે રોડની મજબૂતાઈ વધશે અને વાહનવ્યવહાર વધુ સુરક્ષિત બનશે.

USDT ટ્રેડિંગના નામે વડદલાના વૃદ્ધ સાથે રૂ.૭૮.૧૧ લાખની ઠગાઈ

ઇન્ટાગ્રામ ઉપર રીલ્સ જોતી વેળા 'હાય'નો મેસજ આવ્યો, ને ગઠિયાઓએ ભેરવી દીધા

ભરૂચ: ભરૂચના વડદલાના ૬૧ વૃદ્ધ સાથે ક્રિપ્ટો કરન્સી USDT ટ્રેડિંગના નામે સાયબર ગુનેગારોએ રૂ.૭૮.૧૧ લાખથી વધુ રકમની ઠગાઈ આચરી હતી. આ બનાવ અંગે ભરૂચ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે અજાણ્યા ઠગો સામે ફરિયાદ દાખલ થઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ભરૂચના વડદલા ગામના શેઠ ફળિયામાં રહેતા ૬૧ વર્ષીય કિરણકુમાર શાંતિલાલ પટેલ નોકરીમાંથી નિવૃત્ત થઈ પરિવાર સાથે રહે છે. ગત 4 જૂન-૨૦૨૫ના રોજ કિરણભાઈ પોતાના મોબાઈલ ફોનમાં ઈન્ટાગ્રામ ઉપર રીલ્સ જોઈ રહ્યા હતા. ત્યારે અજાણ્યા યૂઝર તરફથી તેમને હાયનો મેસેજ મળ્યો હતો. બાદ સાયબર ઠગોએ યુનાઈટેડ કિંગડમ (+44)ના વોટ્સએપ નંબરો પરથી 'અલીશા દેસાઈ', 'મેન્ટર સર' તેમજ 'સુનીલ કુમાર' જેવી ખોટી ઓળખ આપી ફરિયાદી સાથે વાતચીત શરૂ કરી હતી. આરોપીઓએ પોતે Coin-Ex પ્લેટફોર્મ પર ઓનલાઈન USDT ટ્રેડિંગ કરતા હોવાનું જણાવી ટૂંકા સમયમાં મોટો નફો મેળવવાની લાલચ આપી હતી. ઠગોની વાતમાં આવી જઈ ફરિયાદીએ બનાવટી લિંક 'coinexid1.com' મારફતે પોતાનું UID ટ્રેડિંગ એકાઉન્ટ ખોલાવ્યું હતું. શરૂઆતમાં ફરિયાદીનો વિશ્વાસ કેળવવા માટે ઠગોએ નાના રોકાણ સામે નફો બતાવી તેને બેંક એકાઉન્ટમાં વિડ્રો કરવા દીધો હતો. બાદ મોટા પાયે નફો થયો હોવાનું બતાવી ફરિયાદી પાસેથી તબક્કાવાર અલગ-અલગ બેંક એકાઉન્ટ્સમાં UPI, NEFT અને RTGS મારફતે લાખો રૂપિયા જમા કરાવ્યા હતા. જ્યારે ફરિયાદીએ પોતાની નફાની રકમ ઉપાડવાનો પ્રયાસ કર્યો ત્યારે સિસ્ટમમાં ભૂલ થઈ હોવાનું કહી તેમનું UID એકાઉન્ટ ફ્રીઝ કરી દેવામાં આવ્યું હતું. એકાઉન્ટ અનફ્રીઝ કરવાના નામે અને ત્યાર પછી મોટી રકમ ઉપાડવાની 'વિડ્રોઅલ ચેનલ' સક્રિય કરવાના બહાને આરોપીઓએ ફરિયાદી પાસેથી કુલ રૂ.૭૯.૦૭ લાખથી વધુ રકમ જમા કરાવી લીધી હતી. તે પૈકી માત્ર રૂ.૯૬,૧૮૭ પરત આપી બાકીના કુલ રૂ.૭૮,૧૧,૬૦૧ રકમ ચાલાકીપૂર્વક પચાવી પાડી છેતરપિંડી આચરી હતી.

અંતે વધુ નાણાંની માંગણી ચાલુ રહેતાં ફરિયાદીને પોતાની સાથે એક વર્ષમાં અનેકવાર વિશ્વાસઘાત થયો હોવાનો અહેસાસ થયો હતો. તેમણે તાત્કાલિક સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર ઓનલાઈન ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ તમામ પુરાવાઓ સાથે ભરૂચ સાયબર પોલીસ મથકે રૂબરૂ પહોંચી ફરિયાદ આપતાં પોલીસે ગુનો નોંધી આરોપીઓને પકડી પાડવા વધુ તપાસ હાથ ધરી છે.

સોશિયલ મીડિયામાં મિત્રતા બાદ અંકલેશ્વરની યુવતી સાથે દુષ્કર્મ

અશ્લીલ ફોટા અને વિડીયો વાયરલ કરવાની ધમકી આપી શારીરિક સંબંધ બાંધ્યા

અંકલેશ્વર: અંકલેશ્વરની પરિણીત યુવતીને સોશિયલ મીડિયામાં મિત્રતા બાદ ખોટી ઓળખ આપી વિશ્વાસમાં લઈ અનેક સ્થળોએ લઈ જઈ દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાનો ગંભીર આક્ષેપ કરતાં અંકલેશ્વર રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે. પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

ફરિયાદ મુજબ વર્ષ-૨૦૨૧ દરમિયાન યુવતીનો ઇન્સ્ટાગ્રામ પર 'દર્શન ઠાકોર' નામથી ઓળખ આપનારી વ્યક્તિ સાથે સંપર્ક થયો હતો. બાદમાં આરોપીએ પોતાના મિત્ર તરીકે ઓળખાવનાર મોહન પરમાર મારફતે યુવતીને અંકલેશ્વરથી અમદાવાદ લઈ જઈ અનેક દિવસ સુધી અલગ અલગ સ્થળોએ રોકી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીએ વારંવાર 'દર્શન ઠાકોર'ને મળાવવાનાં બહાનાં બતાવ્યાં હતાં.

યુવતીના આક્ષેપ મુજબ સાબરકાંઠાના પોલો ફોરેસ્ટ નજીકની હોટલમાં દારૂ પીવડાવી તેની મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. બાદ તેના અશ્લીલ ફોટા અને વિડીયો વાયરલ કરવાની ધમકી આપી ફરી વડોદરા, આબુ અને દ્વારકા સહિતનાં સ્થળોએ લઈ જઈ શારીરિક સંબંધ બાંધવા મજબૂર કરાઈ હોવાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ છે. ફરિયાદ અનુસાર તા.૨૧ જુલાઈ,૨૦૨૬ના રોજ દ્વારકાની એક હોટલમાં પણ આરોપીએ દુષ્કર્મ આચર્યું હતું. બાદ યુવતીએ પોતાના પતિને સમગ્ર ઘટનાની જાણ કરતાં પતિ દ્વારકા પહોંચ્યા હતા. દરમિયાન આરોપી ત્યાંથી ફરાર થઈ ગયો હોવાનું જણાવાયું છે. એ પછી યુવતીને જાણ થઈ કે 'દર્શન ઠાકોર' નામની ઓળખ ખોટી હતી અને મોહન પરમાર જ તે નામે વાતચીત કરતો હતો. યુવતીએ વધુમાં આરોપ મૂક્યો છે કે આરોપીએ તેના પર્સમાંથી સોનાના દાગીના પણ ગાયબ કર્યા હતા. સમગ્ર મામલે અંકલેશ્વર રૂરલ પોલીસે ફરિયાદ નોંધી કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ દ્વારા આરોપીની શોધખોળ સહિત સમગ્ર ઘટનાની વધુ તપાસ કરવામાં આવી રહી છે.

ભરૂચમાં હજયાત્રા માટે રાખેલા બે લાખ રોકડા કામવાળી ચોરી ગઈ

રોકડ રકમ થેલીમાં લપેટીને રાખી હતી, આખી થેલી જ ગાયબ હતી

ચાવી વડે કબાટ ખોલી કામવાળીએ હાથ સાફ કર્યા

રૂપિયા પરત આપવાના વાયદા કર્યા, ન આપતાં અંતે પોલીસ ફરિયાદ

ભરૂચ: ભરૂચના જંબુસર રોડ પર આવેલી શમા પાર્ક સોસાયટીમાં રહેતા વેપારીના ઘરમાંથી કામવાળી હજયાત્રા માટે રાખેલી રૂ.2 લાખની રોકડ રકમ ચોરી જતાં પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. આ કામવાળી છેલ્લા એક વર્ષથી ઘરકામ કરતી હતી. ભરૂચ શહેર પોલીસ મથકે ગુનાહિત વિશ્વાસઘાત અને ચોરી અંગેની ફરિયાદ નોંધી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર ભરૂચ જંબુસર રોડ ઉપર આવેલી સી-10, શમા પાર્ક સોસાયટીમાં રહેતા અને પટેલ લેબોરેટરી ચલાવતા 52 વર્ષીય અનીશ મુસાભાઈ પટેલે પોતાના 83 વર્ષીય નિવૃત્ત શિક્ષક પિતા મુસાભાઈ અને 23 વર્ષીય પુત્ર અમાનને સાઉદી અરેબિયા ખાતે હજયાત્રાએ મોકલવા માટે રૂ.2 લાખ રોકડા બચાવીને રાખ્યા હતા. આ રકમ તેમણે કપડાંની થેલીમાં લપેટી પિતાના રૂમમાં આવેલા લાકડાના કબાટના લોકરમાં સુરક્ષિત મૂકી હતી.

દરમિયાન ગત 9 જુલાઈએ પિતાએ કબાટ તપાસતાં રૂપિયા ભરેલી થેલી મળી ન હતી. ચાવી વડે લોકર ખોલીને કોઈ નાણાં ચોરી ગયું હોવાનું જણાતાં પરિવારજનોએ તપાસ હાથ ધરી હતી. દરમિયાન ઘરમાં કામ કરવા આવતી શેરપુરાની આશિયાના સોસાયટીમાં રહેતી ફરજાનાબેન મુબારક પટેલ પર શંકા ગઈ હતી. આથી તેની કડક પૂછપરછ કરાતાં તેણે લોકરમાંથી ચાવી વડે રૂપિયા ચોરી લીધા હોવાની અને રકમ વપરાઈ ગઈ હોવાની કબૂલાત કરી હતી.

એ વેળા મહિલાએ થોડા દિવસોમાં નાણાં પરત આપી દેવાની ખાતરી આપી હતી. પરંતુ લાંબો સમય વિતવા છતાં નાણાં પરત ન આપી માત્ર ખોટા વાયદા કરતી હોવાથી આખરે અનીશ પટેલે ભરૂચ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આ બનાવમાં પોલીસે ગુનો નોંધી પીએસઆઈ એમ.એ.દિવાન દ્વારા આગળની તપાસ ચલાવવામાં આવી રહી છે.

મોબાઈલ પર વાત કરવામાં બીજા માળેથી પટકાતાં યુવાનનું મોત

પલસાણાના હરિપુરામાં આડશ વગરનો ખુલ્લો દરવાજો કાળ બન્યો

પલસાણા: પલસાણાના હરિપુરા ગામે નોકરી કરતા પોતાના ભાઈને મળવા આવેલા એક ૨૬ વર્ષીય યુવાનનું બીજા માળે આવેલા ખુલ્લા દરવાજામાંથી નીચે પટકાતાં મોત નીપજ્યું હતું. યુવાન મોબાઈલ પર વાત કરવામાં મશગૂલ હતો ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. ઘટનાને પગલે કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર મૂળ ઉત્તર પ્રદેશના અલ્હાબાદના ઉમરાવના નિમિ ગામનો વતની અને હાલ પલસાણાના વરેલીના વલ્લભનગર ખાતે રહેતો ૨૬ વર્ષીય સત્યમ રાકેશકુમાર સરોજ ગત તા.૩ ઓગસ્ટના રોજ સાંજે ૬ વાગ્યાના અરસામાં પોતાના ભાઈ શિવમકુમારને મળવા માટે ગયો હતો. તેનો ભાઈ હરિપુરા ગામમાં આવેલી વિધાતા-૦૨ નામની કંપનીમાં નોકરી કરે છે. સત્યમ કંપનીના બીજા માળે હતો, એ દરમિયાન તે ફોન પર વાત કરી રહ્યો હતો.

ફોન પર વાત કરવામાં મશગૂલ સત્યમનું ધ્યાન ન રહેતાં તે બીજા માળે આવેલા લોખંડના ખુલ્લા દરવાજા તરફ પહોંચી ગયો હતો. આ દરવાજાની બહાર કોઈપણ પ્રકારની આડશ ન હોવાથી અને દરવાજો ખુલ્લો હોવાથી, અજાણતામાં તે સીધો જ નીચે પટકાયો હતો. બીજા માળેથી નીચે પટકાતાં તેને માથાના ભાગે અત્યંત ગંભીર ઈજા પહોંચી હતી. આ ઘટનાને પગલે તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ઈજાગ્રસ્ત સત્યમને સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.

જોકે, ઈમરજન્સી વોર્ડમાં સારવાર દરમિયાન ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. આ અંગે મૃતકના નાના ભાઈ શિવમકુમાર (ઉં.વ.૨૧)એ કડોદરા જી.આઇ. ડી.સી. પોલીસ મથકમાં જાણ કરી હતી. પોલીસે અકસ્માતે મોત નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચ-દહેજ માર્ગ ઉપર ટ્રકની કેબિનમાં અચાનક આગ ભભૂકી

ટ્રાફિક ખોરવાયો, કોઈ જાનહાનિ નહીં

ભરૂચ: ભરૂચ-દહેજ માર્ગ પર વેસદડા ગામ નજીક રાત્રિના સમયે એક દોડતી ટ્રકની કેબિનમાં અચાનક ભભૂકી ઊઠેલી આગને કારણે ભારે અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. આ ઘટનાથી માર્ગ પર થોડા સમય માટે વાહનવ્યવહાર ઠપ થઈ જતાં કતારો લાગી હતી.

મળતી માહિતી મુજબ ટ્રક દહેજ તરફ જઈ રહી હતી ત્યારે કેબિનમાં અચાનક જ્વાળાઓ ઊઠી હતી. આગની જ્વાળાઓ કેબિનમાંથી ઊંચે સુધી પહોંચતાં સ્થાનિક લોકો અને પસાર થતા અન્ય વાહનચાલકોએ તાત્કાલિક બુઝાવવાના પ્રયાસો શરૂ કર્યા હતા. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડને પણ જાણ કરવામાં આવી હતી. જોકે, સ્થાનિકોની મહેનતથી થોડીવારમાં જ આગને કાબૂમાં લેવામાં આવી હતી. આગ લાગવાને કારણે ભરૂચ-દહેજ માર્ગ પર થોડા સમય માટે ટ્રાફિક સંપૂર્ણપણે ખોરવાઈ ગયો હતો, જેના કારણે બંને દિશામાં વાહનોની લાંબી કતારો જોવા મળી હતી. જોકે, આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યા બાદ પોલીસ અને ટ્રાફિક વિભાગની મદદથી માર્ગ પરનો વહીવટ પૂર્વવત્ કરવામાં આવ્યો અને ટ્રાફિક ફરી સામાન્ય થયો હતો. પ્રાથમિક તપાસમાં આગ લાગવાનું કારણ હજુ સુધી સ્પષ્ટ થયું નથી અને યાંત્રિક ખામી કે અન્ય કોઈ કારણને લઈને તપાસ ચાલી રહી છે. સૌભાગ્યે આ ઘટનામાં કોઈ જાનહાનિ કે ઈજા થઈ નથી, ટ્રકને વ્યાપક નુકસાન થયું હોવાનું જણાયું છે. પોલીસે આ મામલે વધુ તપાસ શરૂ કરી છે.

ભરૂચના કંથારિયામાં મસ્જિદ બહારથી બાઈકની ચોરી

ભરૂચ: ભરૂચના કંથારિયાના સલમાન અકુબત ગતરોજ રાત્રે ઈશાની નમાજ અદા કરવા ઝકરિયા મસ્જિદ ખાતે પોતાની મોટરસાઈકલ નં.(GJ-16-DL-2950) લઈને ગયા હતા. તેમણે બાઈક મસ્જિદ બહાર પાર્ક કરી નમાજ માટે પ્રવેશ કર્યો હતો. દરમિયાન એક અજાણ્યો શખ્સ મસ્જિદ બહાર આવ્યો અને મોબાઈલ ફોન પર વાત કરવાનો દેખાવ કરી થોડીવારમાં જ બાઈક સ્ટાર્ટ કરીને ફરાર થઈ ગયો હતો. નમાજ પૂરી થયા બાદ સલમાન બહાર આવ્યો ત્યારે બાઈક ગુમ હતી. આસપાસ શોધખોળ કરતાં નજીકના સીસીટીવી ફૂટેજ તપાસતાં લીલા રંગનું શર્ટ પહેરેલી વ્યક્તિ બાઈક લઈ જતો જોવા મળ્યો હતો. આ ફૂટેજ વાયરલ થતાં કેટલાક ગ્રામજનોએ શખ્સને ઓળખી ભરૂચ તાલુકા પોલીસને સોંપ્યો હતો.

ભરૂચના ગ્રામ્ય વિસ્તારોમાં દીપડાની ચહલપહલથી ફફડાટ

શેરડી, કેળ અને પપૈયાંના પાકો આશ્રયસ્થાન

ભરૂચ: ભરૂચના ઝઘડિયા, વાલિયા અને તાજેતરમાં કરસાડ ગામ આસપાસ દીપડાની હાજરીથી ગ્રામજનોમાં ફફડાટ વ્યાપ્યો છે. ગત જુલાઈ માસમાં ઝઘડિયા વન કચેરીના પાંજરામાંથી ભાગી છૂટેલો દીપડો શુકલતીર્થ-કરમાલી બાદ કરસાડમાં દેખાતાં સ્થાનિકોમાં ભયનું વાતાવરણ સર્જાયું છે. શેરડી, કેળ અને પપૈયાંના પાકોને કારણે આ વિસ્તાર દીપડા માટે કુદરતી આશ્રયસ્થાન બન્યો છે.

સ્થાનિક અગ્રણી જયેન્દ્રસિંહ ભરથાણીયાના જણાવ્યા મુજબ શેરડીની કાપણી બાદ દીપડો સ્થળાંતર માટે માર્ગ શોધી રહ્યો છે. બીજી તરફ 'પ્રયાસ' સંસ્થાના પ્રમુખ દર્શન દેસાઈ અને વન્યપ્રાણી નિષ્ણાતોના મતે દીપડો મૂળ ગભરુ સ્વભાવનો હોય છે. મહારાષ્ટ્રની 'લેપર્ડ પેટર્ન'ની જેમ દીપડાની રોજિંદી ૪૦થી ૫૦ કિમીની હિલચાલ, ખોરાક અને પાણીના સ્ત્રોતનો અભ્યાસ કરીને યોગ્ય વ્યૂહરચના બનાવવામાં આવે તો માનવ વસવાટ સાથે તેનું સહઅસ્તિત્વ શક્ય છે.

અંકલેશ્વરમાં પાણીના ભરાવાથી શાકભાજીને નુકસાન

કેળ અને શાકભાજીના પાકને નુકસાન થતાં ખેડૂતોની વળતરની માંગ

અંકલેશ્વર: અંકલેશ્વરમાં તાજેતરમાં વરસેલા ભારે વરસાદના પાણીથી તારાજી જોવા મળી રહી છે. ખાસ કરીને અંકલેશ્વરના નર્મદા કાંઠા વિસ્તારનાં ગામોમાં પૂરના પાણી ફરી વળતાં કેળ, શેરડી અને શાકભાજીના પાકને વ્યાપક નુકસાન પહોંચ્યું છે. જોકે, ખેતરોમાં પાણી ભરાયેલા હોવાથી પાકને વ્યાપક નુકસાન થતાં ખેડૂતોએ સરકાર પાસે વળતરની માંગ કરી છે.

અંકલેશ્વરમાં ધોધમાર વરસાદ વચ્ચે વરસાદી પાણીનો ભરાવો સાથે નર્મદા નદીના કાંઠા વિસ્તારના ૧૪ ગામમાં

પ્રવીણ તેરૈયા

ફરી વળ્યા હતા. ખાસ કરી જૂના માંડવા બુઝર્ગથી લઈ ગોલ્ડનબ્રિજ સુધીના પટમાં આવેલ ૦થી વધુ ગામની સીમમાં નર્મદાના પાણી પ્રવેશ્યા હતા. જે ખેતરમાં ઊભા પાક પર ફરી વળવા સાથે ઊભા પાકનો દાટ વાળ્યો હતો.

સંક્ષિપ્ત સમાચાર

ભરૂચમાં પાંચ દિવસ બાદ પ્રેશર મશીનથી ગટર સાફ કરાઈ

ભરૂચ: ભરૂચ શહેરના પશ્ચિમ વિસ્તારની સોસાયટીઓમાં આખરે પ્રેશર મશીનની મદદથી ડ્રેનેજ લાઇનની સફાઈ અને પાણીના નિકાલની કામગીરી હાથ ધરવામાં આવી હતી. કામગીરી પૂર્ણ થતાં સોસાયટીઓમાં ભરાયેલું પાણી ઓસર્યું હતું, જેના પગલે સ્થાનિક રહેવાસીઓએ રાહતનો શ્વાસ લીધો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, ભરૂચ જિલ્લામાં હવામાન વિભાગની આગાહી બાદ સતત ત્રણ દિવસ સુધી ધોધમાર વરસાદ વરસ્યો હતો. જેના કારણે શહેરના અનેક વિસ્તારોમાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ હતી. ખાસ કરીને ભરૂચ નગરપાલિકાના વોર્ડ નં.2 હેઠળ આવેલી અનેક સોસાયટીઓમાં ઘૂંટણસમા પાણી ભરાઈ જતાં રહેવાસીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. વરસાદી પાણીના યોગ્ય નિકાલ માટેની પ્રિ-મોન્સૂન તૈયારીઓ અને ડ્રેનેજ વ્યવસ્થાને લઈને સ્થાનિકોમાં નગરપાલિકા સામે અસંતોષ વ્યક્ત થયો હતો. આખરે પાંચ દિવસની જહેમત બાદ પ્રેશર મશીનથી ડ્રેનેજ લાઇન સાફ કરી પાણીનો નિકાલ કરવામાં આવ્યો હતો.

ચિકદાના કુંડીઆંબા ગામમાં ઘાસચારો મૂકવા બાબતે યુવક પર હુમલો

ભરૂચ: ચિકદાના કુંડીઆંબા ગામના નિશાળ ફળિયામાં રહેતો અને બારડોલીના ઉમરાખની એન્જિનિયરિંગ કોલેજમાં અભ્યાસ કરતો સ્નેહલ બહાદુરભાઈ વસાવા (ઉં.વ.૨૫) ગત તા.૨૯/૪/૨૦૨૬ના રોજ સવારે પોતાના ઘર આગળ રસ્તા પર મૂકેલો ઘાસચારો આંગણામાં ખસેડી રહ્યો હતો. દરમિયાન મંદિરની જગ્યાની પૂર્વ અદાવત રાખી ગામના જ જાહગુભાઈ જેઠિયાભાઈ વસાવા, નિલેશભાઈ જાહગુભાઈ વસાવા અને રાજેશભાઈ મંછીભાઈ વસાવા ત્યાં ધસી આવ્યા હતા. તેમણે 'આ જગ્યા અમારી છે, અહીં ઘાસચારો મૂકતા નહીં?' તેમ કહી ઝઘડો કરી ગાળો આપી હતી. દરમિયાન નિલેશભાઈ વસાવાએ અચાનક લાકડાનો સપાટો સ્નેહલના હાથની કોણી પર મારી દેતાં ગંભીર ઇજા થઈ હતી. આથી તેને સારવાર અર્થે રાજપીપળાની હોસ્પિટલ ખસેડતાં હાથમાં ફ્રેક્ચર હોવાનું નિદાન થતાં ઓપરેશન કરાવવું પડ્યું હતું. આ બનાવ સમયે કૌટુંબિક સમાધાન થયું હોવાથી અને બાદમાં યુવકની કોલેજમાં મૌખિક પરીક્ષા ચાલતી હોવાથી ફરિયાદમાં વિલંબ થયો હતો. પરીક્ષા પૂર્ણ થયા બાદ સ્નેહલ વસાવાએ ૪ ઓગસ્ટે ડેડિયાપાડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ભરૂચમાં વરલી મટકાના અડ્ડા પર પોલીસનો દરોડો: 2 ઝડપાયા

ભરૂચ: ભરૂચ શહેર 'બી' ડિવિઝન પોલીસે બાદશાહી મસ્જિદ સામે જૂની સિવિલ પાછળ ખુલ્લી જગ્યામાં વરલી મટકાના સટ્ટા બેટિંગના અડ્ડા પર રેઇડ કરી જુગાર રમાડતા બેને ઝડપી પાડ્યા હતા. પોલીસે સાજીદબાબુ મહંમદભાઈ પટેલ (રહે.,વાગરા) અને મુસ્તાક મિયા મોહંમદ મસ્તાન (રહે., દીવાન ફળિયું, વાગરા)ને રંગેહાથ પકડી પાડી રોકડા રૂ.12,510, આંકડા લખેલી ચિઠ્ઠીઓ અને મોબાઈલ મળી કુલ રૂ.17,510નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પૂછપરછમાં સામે આવ્યું કે, આંકડાના ફોટા વોટ્સએપ મારફતે મોહંમદ કેફ ઉર્ફે ચપાટી હુસેન પઠાણ (રહે., અબદલવાડ, ભરૂચ)ને મોકલાતા હતા અને આ અડ્ડો સાબીર શબ્બીર મલેક (રહે., ફિરદોશ એપાર્ટમેન્ટ, કોટ પારસીવાડ, ભરૂચ)ના કહેવાથી ચાલતો હતો. પોલીસે ચારેય સામે જુગાર ધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પાનોલીમાં ટ્રેનમાંથી પટકાતાં યુવાનનું મોત

અંકલેશ્વર: અંકલેશ્વરના પાનોલી રેલવે સ્ટેશન નજીક ચાલતી ટ્રેનમાં દરવાજા પર બેઠેલા યુવાન અશોક ગુર્જરનો મોબાઈલ ઝૂંટવવાનો પ્રયાસ જીવલેણ સાબિત થયો હતો. બનાવની વિગત મુજબ જયપુર-બાંદ્રા ટ્રેન પાનોલી રેલવે સ્ટેશને ધીમી પડતાં બે અજાણ્યા શખ્સોએ યુવાનના હાથમાંથી મોબાઈલ ખેંચવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન સંતુલન ગુમાવવાથી યુવાન પ્લેટફોર્મ પર પટકાયો હતો અને ટ્રેન નીચે આવી જતાં તેનું મોત નીપજ્યું હતું. ઘટના અંગે રેલવે પોલીસે બે અજાણ્યા ઇસમો વિરુદ્ધ ગુનો નોંધી તેમની શોધખોળ હાથ ધરી છે અને મુસાફરોને સાવચેત રહેવા અપીલ કરી છે.

અંકલેશ્વરમાં રખડતાં ઢોર ડબ્બે પુરાયા

સુરેશ ગાંધી, પ્રવીણ તેરૈયા

અંકલેશ્વર: અંકલેશ્વર જી આઈ ડી સી ના રહેણાક વિસ્તારોમાં રસ્તા પર રખડતાં ઢોર અને આખલાઓના વધતા ત્રાસને ડામવા નોટિફાઈડ એરિયા ઓથોરિટી દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. રખડતાં પશુઓને કારણે અકસ્માતોની ઘટનાઓ વધતા સ્થાનિકોમાં ચિંતા હતી, જેના પગલે પોલીસ બંદોબસ્ત સાથે વિશેષ ઝુંબેશ શરૂ કરાઈ હતી. ચીફ ઓફિસર ચિંતન પટેલના જણાવ્યા મુજબ નાગરિકોની સુરક્ષા માટે આ ડ્રાઇવ નિયમિત ચલાવાશે અને ઢોર છોડનાર માલિકો સામે દંડકીય પગલાં લેવાશે. છેલ્લા એક મહિનામાં પાંચમી વખત આ ડ્રાઇવ યોજાઈ છે, જેમાં એજન્સીને પ્રતિ ઢોર આશરે પાંચ હજાર રૂપિયા ચૂકવવામાં આવે છે.

પાલોદમાં પૂરગ્રસ્તોને અનાજ કિટનું વિતરણ

ઈબ્રાહીમ કાન્તુ

હથોડા: પાલોદ ગામે કીમ નદીના પૂરથી ગરીબ પરિવારોના ઘરોમાં પાણી ભરાતા ઘરવખરી તણાઈ હતી. સરપંચ દિનેશભાઈ આહીરે ભોજનની વ્યવસ્થા કરી હતી. બાદ માંગરોળના ધારાસભ્ય ગણપત વસાવા દ્વારા પૂરગ્રસ્ત આદિવાસી અને નીચાણવાળા વિસ્તારના ૭૦૦ જેટલા જરૂરિયાતમંદ પરિવારોને અનાજ અને જીવન જરૂરિયાતની કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું, જેનાથી લાચાર લોકોને મોટી રાહત મળી હતી.

જાહેર નોટીસ - વી.કે.પીપળીયા, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજની કોર્ટમાં

નં.એમએજી/જ.પ્ર./રજી.નં.૧૦૭/૨૦૨૬

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજ પ્રાંત કચેરી, તા.કામરેજ,જી.સુરત, તા.૦૪/૦૮/૨૦૨૬

વાદી: દલુભાઈ ભીમાભાઈ રાઠોડ, રહે. મોટું ફળીયુ, વલણ, તા.કામરેજ, જિ.સુરત

વિરૂધ્ધ

સામાવાળા : જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રાર અને ત.ક.મંત્રીશ્રી વલણ, વલણ ગ્રામ પંચાયત, તા.કામરેજ, જી.સુરત

વિષય : જન્મ-મરણ અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં વાદીશ્રી દલુભાઈ ભીમાભાઈ રાઠોડ, રહે. મોટું ફળીયુ, વલણ, તા.કામરેજ, જિ.સુરતના પિતા ભીમાભાઈ ગોપાળભાઈ રાઠોડનું મરણ તા.08/08/1997 ના રોજ વલણ, તા.કામરેજ, જિ.સુરત ખાતે થયેલ છે અને તેઓના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં યા તો મુદત તા.૧૭/૦૯/૨૦૨૬ ના રોજ વાંધો રજુ કરવો. જો વાંધો નહીં આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૪/૦૮/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિકકો

હુકમથી (વી.કે.પીપળીયા)

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ કામરેજ પ્રાંત, કામરેજ

જાહેર નોટીસ

જી.ભરૂચ,તા.હાંસોટના **મોજે ઘોડાદરા** ના જુના બ્લોક/સર્વે નં.૪૧૩ જેનો નવો બ્લોક/સર્વે નં.૧૫૩ જેનુ ક્ષેત્રફળ ૦-૬૦-૨૪ (હે.આરે.ચો.મી.) ખેતીલાયક ઉપયોગ વાળી **જમીનના માલિક/કબ્જેદાર અબ્દુલ મજીદ અહમદ નોરાત** નાઓની પોતાના સ્વતંત્ર માલીકી, કબ્જા ભોગવટામાં ચાલી આવેલ હોવાનું તથા સદરહું જમીનના ટાઈટલ કલીયર હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે. સદરહું જમીનમાં કોઈપણ વ્યકિત કે સંસ્થા/બેંકનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ,હકક,હિત,સંબંધ,ચાર્જ,બોજો,ખોરાકી હકક,સુખાધિકાર કે કોઈપણ પ્રકારનો અધિકાર હોય અથવા વાંધો, તર-તકરાર હોયતો નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન-૧૦** ની મુદતમાં લેખીત પુરાવા સહિત અમોને વાંધાઓ રજુ કરવા જો ઠરાવેલ મુદતમાં વાંધો રજુ ન કરે તો તેવા વાંધા જતા કર્યા છે તથા કોઈનો કોઈપણ જાતનો દર-દાવો,હકક-હિસ્સો નથી એમ માની અમારા અસીલ સદરહું જમીનનો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

અસીલની સુથના અને ફરમાઈશથી અમારી મારફતે

દિક્ષિત સી. પરમાર(એડવોકેટ)

ઓફિસ : ૧૧૫,બીજો માળ,સ્વસ્તિક બિઝનેસ સેન્ટર, નગરપાલીકા સર્કલની સામે, તરસાડી, કોસંબા, તા.